# સુપર 8માં ગ્રુપની વહેંચણી અજેય ટીમો માટે અન્યાયી

**ગ્રુપ** સ્ટેજમાં ટેબલ ટોપર અને અજેય રહેલી ચારેય ટીમો ગ્રુપ-1માં, ગ્રુપ-2માં બીજા સ્થાને રહેલી ટીમો સામેલ

**ICC** દ્વારા સ્થાપિત પ્રી-સીડિંગ સિસ્ટમને કારણે તમામ અજેય અને ટેબલ ટોપર ટીમોને એક જ ગ્રુપમાં સમાવાઇ




નવી દિલ્હી, તા. 20 : ટી-20 વર્લ્ડકપમાં ગ્રુપ સ્ટેજ પૂર્ણ થયા પછી હવે સુપર 8નો વારો છે, જેમાં આઠ ટીમોને બે ગ્રુપમાં વહેંચવામાં આવી છે. ગ્રુપ 1 માં ભારત, દક્ષિણ આફ્રિકા, વેસ્ટ ઈન્ડિઝ અને ઝિમ્બાબ્વેનો સમાવેશ થાય છે. ગ્રુપ 2 માં ઈંગ્લેન્ડ, ન્યુઝીલેન્ડ, પાકિસ્તાન અને શ્રીલંકાનો સમાવેશ થાય છે. રસપ્રદ વાત એ છે કે ગ્રુપ-1માં એવી ચાર ટીમો સામેલ છે જેમણે ગ્રુપ સ્ટેજમાં પોતાની બધી મેચ જીતી છે અને ટેબલ ટોપર્સ છે. જયારે ગ્રુપ 2 માં પરિસ્થિતિ તદ્દન વિપરીત છે. તેની ટીમો ગ્રુપ સ્ટેજમાં ઓછામાં ઓછી એક મેચ હારી ગઈ છે.

ટી-20 વર્લ્ડકપમાં, કંઈક માળખાકીય રીતે વાહિયાત બન્યું હોય તો આ ગ્રુપની વહેંચણી છે. ચારેય ગ્રુપ વિજેતાઓ ભારત, ઝિમ્બાબ્વે, દક્ષિણ આફ્રિકા અને વેસ્ટ ઈન્ડિઝ એક જ સુપર આઠ ગ્રુપમાં સામેલ છે તો દરેક ગ્રુપમાં બીજા સ્થાને અર્થાત રનર્સ-અપ રહેલી ટીમો બીજા ગ્રુપમાં સામેલ છે. બીજા શબ્દોમાં કહીએ તો, તેનાથી એક એવું દશ્ય ઊભું થયું છે જ્યાં ગ્રુપમાં પ્રથમ સ્થાન મેળવનારી ટીમને અસરકારક રીતે જાણે કે સજા કરવામાં આવી છે. તે પ્રી-સીડિંગનું સીધું પરિણામ છે - એક એવી પદ્ધતિ જ્યાં સુપર એઈટ ગ્રુપ્સ ટુર્નામેન્ટ શરૂ થાય તે પહેલાં નક્કી કરાયેલા ICC રેન્કિંગ દ્વારા નક્કી કરવામાં આવે છે, વાસ્તવિક ગ્રુપ-સ્ટેજ ફિનિશિંગ પોઝિશન દ્વારા નહીં. પરિણામે, ગ્રુપ સ્ટેજ સ્પર્ધા ઓછી અને શેડ્યુલ વધુ બની ગયું છે. પહેલો બોલ ફેંકાય તે પહેલાં બોર્ડરૂમમાં ફિનિશિંગ પોઝિશન અસરકારક રીતે આકાર પામે છે.

આઈસીસી દ્વારા સ્થાપિત પ્રી-સીડિંગ સિસ્ટમને કારણે, બધી અપરાજિત અને ટેબલ-ટોપ ટીમોને ગ્રુપ-1માં એકસાથે લાવવામાં આવી છે, જ્યારે ગ્રુપ 2 માં એવી ટીમોનો સમાવેશ થાય છે જેમણે ગ્રુપ સ્ટેજમાં ઓછામાં ઓછી એક હારનો સામનો કર્યો હતો. પરિણામે, સુપર 8 ના ગ્રુપ 1 ખૂબ જ કડક અને સંતુલિત દેખાય છે, જેમાં ચારેય ટીમો ઉત્તમ ફોર્મમાં છે. ગ્રુપ 2 માં સ્પર્ધા ઓછી રસપ્રદ રહેશે નહીં, કારણ કે ચારેય ટીમોમાં વાપસી કરવાની ક્ષમતા છે અને તેઓ નોકઆઉટમાં સ્થાન મેળવવા માટે તેમના તમામ પ્રયત્નો કરશે.

## પ્રી-સીડિંગ શા માટે અસ્તિત્વમાં છે?

હવે પ્રી સીડિંગ કઇ બલાનું નામ છે તે સમજી લઇએ. સાદા શબ્દોમાં કહીએ તો તેનાથી બ્રોડકાસ્ટર્સને મહિનાઓ અગાઉથી શેડ્યુલને લોક કરવાની મંજૂરી મળે છે. જેનાથી ગ્રુપ સ્ટેજમાં ગમે તે થાય, પણ ભારત વિરુદ્ધ પાકિસ્તાન જેવી માર્કી મેચઅપ્સની ગેરંટી મળી જાય છે. તે સુનિશ્ચિત કરે છે કે ભારતની સુપર આઠ મેચોનું ફિક્સર ટુર્નામેન્ટ શરૂ થાય તે પહેલાં જાહેરાતકર્તાઓને વેચી શકાય. તે ટુર્નામેન્ટ ડિઝાઇન તરીકે છુપાયેલ કોમર્શિયલ એન્જિનિયરિંગ છે. અને ગ્રુપ સ્ટેજ મેરિટ વિશે ઓછું અને બહાર નીકળવા વિશે વધુ બને છે. ખાસ કરીને એસોસિએટ નેશન્સ, જો કે તેમાં આ વર્ષે ઓસ્ટ્રેલિયાનું બહાર નીકળી જવું તેમના માટે મોટું નુકસાન પણ લાવ્યું છે.

## ટી-20 વર્લ્ડકપના સુપર-8 તબક્કામાં ટીમોની વહેંચણી

| ગ્રુપ-1 | ગ્રુપ-2 |
|---|---|
| ભારત | શ્રીલંકા |
| દ. આફ્રિકા | પાકિસ્તાન |
| ઝિમ્બાબ્વે | ન્યૂઝીલેન્ડ |
| વેસ્ટઇન્ડિઝ | ઈંગ્લેન્ડ |

## આજથી સુપર 8 : પહેલી મેચ પાકિસ્તાન-ન્યૂઝીલેન્ડ વચ્ચે

**સુપર-8ના** ગ્રુપ-2માંથી આજે પહેલી મેચ રમાશે ત્યારે ન્યૂઝીલેન્ડ સામે પાકિસ્તાનના સ્પિન વૈવિધ્યનો મોટો પડકાર

કોલંબો, તા. 20 (પીટીઆઈ) : ટી-20 વર્લ્ડકપમા આવતીકાલ શનિવારથી શરૂ થઇ રહેલા સુપર એઈટ તબક્કાની પહેલી મેચ ગ્રુપ 2માં ન્યૂઝીલેન્ડ અને પાકિસ્તાન એકબીજાની સામે મેદાને ઉતરશે ત્યારે પાકિસ્તાનની સ્પિન વેરાયટીનો સામનો કરવા માટે ન્યૂઝીલેન્ડના મિડલ ઓર્ડરે મજબૂત પ્રદર્શન કરવાની જરૂર પડશે. આ મોટી આઇસીસી ટુર્નામેન્ટમાં અત્યાર સુધી ન્યુઝીલેન્ડના બેટ્સમેન ટોચના સ્તરે પ્રદર્શન કરી શક્યા નથી, ફક્ત ઓપનર ટિમ સીફર્ટ અને ફિન એલને મળીને ત્રણ અડધી સદી ફટકારી છે, પરંતુ મધ્યમ ક્રમના બેટ્સમેન તેમને સારી રીતે ટેકો આપી શક્યા નથી. ગ્લેન ફિલિપ્સ, રચિન રવિન્દ્ર, માર્ક ચેપમેન અને ડેરિલ મિચેલ જેવા ખેલાડીઓના પ્રદર્શનમાં સાતત્ય નથી. ફિલિપ્સ અને રવિન્દ્રએ એક-એક અડધી સદી ફટકારી છે, પરંતુ એકંદરે તેમનું પ્રદર્શન નિરાશાજનક રહ્યું છે. રવિન્દ્રએ ચાર મેચમાં 72 રન બનાવ્યા છે, પરંતુ તેમાંથી 59 રન કેનેડા સામેની એક જ મેચમાં બનાવ્યા છે. આ ટુર્નામેન્ટમાં ન્યુઝીલેન્ડ પહેલી વાર કોલંબોમાં રમશે, જે તેને વધુ પડકારજનક બનાવી શકે છે. તેનાથી વિપરીત, પાકિસ્તાન વર્લ્ડકપની શરૂઆતથી જ ત્યાં રમી રહ્યું છે અને પ્રેમદાસા સ્ટેડિયમમાં બે મેચ રમી ચૂક્યું છે.

પાકિસ્તાનના બોલરો, ખાસ કરીને સ્પિનરો, આ ધીમી પીચ પર અસરકારક રીતે બોલની લંબાઈ અને ગતિ જાણે છે જ્યાં શોટ બનાવવા માટે હિંમત કરતાં વધુ બુદ્ધિની જરૂર પડે છે. તેથી, પાવરપ્લેમાં એલન અને સીફર્ટની વિસ્ફોટક બેટિંગને તેમની ટીમને લગભગ 180 કે તેથી વધુના સ્કોર સુધી પહોંચાડવા માટે ન્યુઝીલેન્ડના મિડલ ઓર્ડરના ટેકાની જરૂર પડશે. પાકિસ્તાનના સ્પિનરો ઉસ્માન તારિક, અબરાર અહેમદ, સૈમ અયુબ, મોહમ્મદ નવાઝ અને શાદાબ ખાન તેમને ફાયદો અપાવે છે, પરંતુ બેટિંગમાં તેમની પણ પોતાની ચિંતાઓ છે. પાકિસ્તાનના બેટ્સમેનોએ ન્યુઝીલેન્ડ જેવી અનુભવી ટીમ સામે એકતા સાધવી પડશે અને નોંધપાત્ર યોગદાન આપવું પડશે. જો બાબર ફરી એકવાર નિષ્ફળ જાય છે, તો પાકિસ્તાન મેનેજમેન્ટ ફખર ઝમાન જેવા બીજા ખેલાડીને ટીમમાં લાવી શકે છે, જે ગ્રુપ સ્ટેજની મેચોમાં બેન્ચ પર રહ્યો હતો.

## હાર્દિક પંડ્યાએ ગર્લફ્રેન્ડ માહિકા શર્માના જન્મદિને ખાનગી પાર્ટી યોજવાની સાથે પ્રેમ પણ પ્રદર્શિત કર્યો



હાર્દિક પંડ્યાએ પોતાની ગર્લફ્રેન્ડ માહિકા શર્માના 25માં જન્મદિવસને યાદગાર બનાવ્યો હતો. પોતાના ઓફિશિયલ સોશિયલ મીડિયા હેન્ડલ પર માહિકા શર્મા સાથેનો એક વીડિયો શેર કરીને હાર્દિકે લખ્યું કે 'હેપ્પી બર્થડે મારી પ્રિન્સેસ... 25 વર્ષ પહેલાં આ દુનિયામાં આવવા બદલ આભાર. હુ જેમને જાણું છું તેવા અદ્દભૂત લોકોમાંથી તું એક છે. હું તમને પ્રેમ કરું છું'. સૂત્રોના જણાવ્યા અનુસાર, હાર્દિક પંડ્યાએ માહિકાના 25મા જન્મદિવસ પર એક ખાનગી પણ ભવ્ય પાર્ટીનું આયોજન કર્યું હતું. પાર્ટીમાં તેમના કેટલાક નજીકના મિત્રો અને પરિવારના સભ્યો હાજર રહ્યા હતા. સજાવટમાં માહિકાના મનપસંદ ફૂલો અને રંગોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. કેક કાપવા દરમિયાન હાર્દિક અને માહિકાની કેમેસ્ટ્રી સ્પષ્ટ દેખાઈ રહી હતી. હાર્દિક પંડ્યાની પોસ્ટને તેના ભારતીય સાથી ખેલાડીઓ અને બોલિવૂડ સેલિબ્રિટીઓ તરફથી ઘણો પ્રેમ મળ્યો હતો.

## ઓસ્ટ્રેલિયાએ ઓમાનને નવ વિકેટથી હરાવી જીત સાથે વિદાય લીધી

**ઝામ્પાએ** ચાર વિકેટની મદદથી ઓસ્ટ્રેલિયાએ ઓમાનને 104 રનમાં ઓલઆઉટ કર્યું

**માર્શની** નોટઆઉટ અર્ધસદીથી ઓસ્ટ્રેલિયાએ લક્ષ્યાંક 9.4 બોલમાં એક વિકેટે કબજે કરી લીધો

**100થી** વધુ રનના લક્ષ્યાંકનો પીછો કરતી વખતે ટૂર્નામેન્ટના ઇતિહાસની સૌથી ઝડપી જીત



પલ્લેકલ, તા. 20 : ટી-20 વર્લ્ડકપમાં સુપર આઠની રેસમાંથી પહેલાથી જ બહાર થઈ ગયેલા ઓસ્ટ્રેલિયાએ આજે શુક્રવારે પોતાની છેલ્લી ગ્રુપ મેચમાં ઓમાનને નવ વિકેટથી હરાવીને જીત સાથે વિદાય લીધી હતી. એડમ ઝામ્પાએ ચાર વિકેટ લેતા ઓસ્ટ્રેલિયાએ 16.2 ઓવરમાં ઓમાનને 104 રનમાં ઓલઆઉટ કર્યું હતું. તે પછી 105 રનનો લક્ષ્યાંક ઓસ્ટ્રેલિયાએ મિચેલ માર્શની નોટઆઉટ અર્ધસદીની મદદથી 62 બોલ બાકી રાખીને એક વિકેટના ભોગે કબજે કરીને મેચ નવ વિકેટે જીતી હતી. માર્શ 33 બોલમાં 64 રન બનાવી નોટઆઉટ રહ્યો હતો. 100થી વધુ રનના લક્ષ્યનો પીછો કરતી વખતે આ ટુર્નામેન્ટના ઈતિહાસમાં સૌથી ઝડપી જીત છે.

અગાઉ, ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ઝામ્પાએ 21 રન આપીને ચાર વિકેટ લીધી, જ્યારે ઝેવિયર બાર્ટલેટ અને ગ્લેન મેક્સવેલે બે-બે વિકેટ લીધી. ઓમાનની ટીમ 16.2 ઓવરમાં 104 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. ઓમાન તરફથી વસીમ અલીએ 33 બોલમાં 32 રન બનાવ્યા.

## મોહસીન નકવીએ જ ICC સામે બાંગ્લાદેશને ઉશ્કેર્યું હોવાનો ઘટસ્ફોટ

**બીસીબીના** માજી જનરલ સેક્રેટરી સૈયદ અશરફુલે પોતાના દેશના ક્રિકેટ મેનેજમેન્ટ પર આકરા પ્રહારો કર્યા

**બીસીબી** પ્રમુખ અમીનુલ પીસીબી ચેરમેન મોહસીન નકવીના પ્રભાવમાં આવી ગયા હતા : અશરફુલ હક

નવી દિલ્હી, તા. 20 : બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી)ના માજી જનરલ સેક્રેટરી સૈયદ અશરફુલ હકે તેમના દેશના ક્રિકેટ મેનેજમેન્ટ પર આકરા પ્રહારો કરીને આરોપ લગાવ્યો છે કે 2026ના ટી-20 વર્લ્ડકપ માટે ભારતનો પ્રવાસ ન કરવાનો નિર્ણય સંપૂર્ણપણે 'અવિવેકી' હતો. હકના મતે, બીસીબીના વડા અમીનુલ ઈસ્લામ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ના ચેરમેન મોહસીન નકવીના પ્રભાવમાં આવી ગયા, જેના કારણે બાંગ્લાદેશે સુરક્ષા કારણોસર ટુર્નામેન્ટમાંથી ખસી જવાનું વિવાદાસ્પદ પગલું ભર્યું.



આ નિર્ણય બાદ, આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (આઈસીસી)એ કડક વલણ અપનાવીને બાંગ્લાદેશને ટુર્નામેન્ટમાંથી બહાર કરી દીધું, તે પછી પાકિસ્તાને સમર્થન તરીકે ભારત સામે બહિષ્કારની ધમકી આપી. રેવસ્પોર્ટ્ઝ સાથે વાત કરતા, સૈયદ અશરફુલ હકે સમગ્ર ઘટનાક્રમને એશિયન ક્રિકેટ માટે નકારાત્મક વળાંક ગણાવ્યો. તેમણે કહ્યું કે જગમોહન દાલમિયા યુગ દરમિયાન બાંગ્લાદેશ ક્રિકેટને જે સન્માન અને મજબૂત સ્થાન મળ્યું હતું તે હવે કેટલાક વ્યક્તિઓ અને સરકારના ખોટા નિર્ણયોને કારણે મજાક સમાન બની ગયું છે. તેમણે આ નિર્ણય માટે વર્તમાન સરકારના ભારત વિરોધી વલણને મુખ્ય કારણ ગણાવ્યું. હક માને છે કે બાંગ્લાદેશને ભારતીય ક્રિકેટ ચાહકોના સમર્થનની સૌથી વધુ જરૂર હતી, પરંતુ વ્યક્તિગત પ્રભાવને વશ થઈને, બોર્ડે પોતાના પગ પર કુહાડો માર્યો છે. સૈયદ અશરફુલ હકે અમીનુલ ઈસ્લામ અને મોહસીન નકવી વચ્ચેના સંબંધો પર નિશાન સાધ્યું . એક ક્રિકેટ પ્રશાસક તરીકે, મારું ધ્યાન પ્રામાણિકતા અને પ્રતિબદ્ધતા પર છે. અમીનુલ ઈસ્લામ, કદાચ ભોળાપણામાં, વર્તમાન એસીસી પ્રમુખ મોહસીન નકવીથી પ્રભાવિત થયા હતા, જેમણે તેમને સાથે રહેવા માટે સમજાવ્યા હતા. પરંતુ અંતે, જીત્યું કોણ?

## પાકિસ્તાન સરકારે હોકી કેપ્ટન બટ પરનો બે વર્ષનો પ્રતિબંધ હટાવ્યો

**PHF** પ્રમુખ તારિક બુગતીએ રાજીનામુ આપતા પહેલા બટ પર ગેરશિસ્ત બદલ આ પ્રતિબંધ મૂક્યો હતો

**પાકિસ્તાન** સરકારે અમ્માદ શકીલ બટ પરના પ્રતિબંધને ગેરકાયદે અને ગેરબંધારણીય ગણાવી હટાવ્યો

લાહોર, તા. 20 (પીટીઆઇ) : પાકિસ્તાન સરકારે શુક્રવારે રાષ્ટ્રીય હોકી ટીમના કેપ્ટન અમ્માદ શકીલ બટ પર રાષ્ટ્રીય ફેડરેશન (પીએચએફ) દ્વારા લાદવામાં આવેલ બે વર્ષનો પ્રતિબંધ ગેરકાયદેસર અને ગેરબંધારણીય ગણાવીને હટાવી લીધો છે. ગુરુવારે, પપીએચએફના પ્રમુખ પદેથી રાજીનામું આપતા પહેલા, તારિક બુગતીએ ઓસ્ટ્રેલિયાના તાજેતરના પ્રવાસ દરમિયાન ગેરવહીવટ અંગે કેપ્ટન દ્વારા પીએચએફની ટીકા કરવા બદલ બટ પર બે વર્ષનો પ્રતિબંધ લાદ્યો હતો. પરંતુ પીએચએફના આશ્રયદાતા વડા પ્રધાન શાહબાઝ શરીફ દ્વારા નિયુક્ત કરાયેલા કાર્યકારી પ્રમુખ મુહિદ્દીન અહમદ વાનીએ આ નિર્ણયને ઉલટાવી દીધો, અને કહ્યું કે તે બુગતીનું પગલું ગેરકાયદેસર અને ગેરબંધારણીય હતું.

રાષ્ટ્રીય ટીમ ઓસ્ટ્રેલિયાથી પરત ફર્યા બાદ ઉભા થયેલા વિવાદના પગલે બુગતીએ ગુરુવારે રાજીનામું આપ્યું હતું. ટીમને ત્યાં લોજિસ્ટિકલ સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો અને એરબીએનબી આવાસમાં રહેવું પડ્યું હતું, જોકે રાજ્ય સંચાલિત પાકિસ્તાન સ્પોર્ટ્સ બોર્ડ (પીએસબી) એ કેનબેરામાં FIH પ્રો લીગ મેચો દરમિયાન ટીમના ફાઈવ-સ્ટાર હોટેલ રહેવા માટે પીએચએફને એક કરોડ રૂપિયા ચૂકવ્યા હતા.

## રાઇઝિંગ સ્ટાર્સ : રાધાના ઓલરાઉન્ડ પ્રદર્શનથી ભારત A ટીમ ફાઇનલમાં

**શ્રીલંકાને** 118 રનમાં ઓલઆઉટ કરી ભારતીય ટીમે 13.3 ઓવરમાં લક્ષ્ય કબજે કર્યું

**ભારત** અને બાંગ્લાદેશની ટીમો વચ્ચે હવે રવિવારે ફાઇનલ જંગ

બેંગકોક, તા. 20 (પીટીઆઈ) : મહિલા રાઈઝિંગ સ્ટાર્સ ટી20 એશિયા કપમાં આજે શુક્રવારે અહીં સુકાની રાધા યાદવે શાનદાર ઓલરાઉન્ડ પ્રદર્શન કરીને ભારત એ ટીમને શ્રીલંકા એ ટીમ પર પાંચ વિકેટથી જીત અપાવીને ફાઈનલમાં પ્રવેશ કરાવ્યો હતો. રવિવારે રમાનારી ફાઈનલમાં, ભારતનો મુકાબલો બાંગ્લાદેશ સાથે થશે. શ્રીલંકાએ ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો, પરંતુ તે યોગ્ય રહ્યું નહી. રાધાના નેતૃત્વમાં, ભારતીય બોલરોએ તેમની બેટિંગ લાઈન-અપને ખખડાવીને તેમને 118 રનમાં ઓલઆઉટ કરી દીધા. રાધાએ 19 રનમાં ચાર વિકેટ લીધી. જ્યારે તનુજા કંવર અને પ્રેમા રાવતે 2-2 વિકેટ લીધી હતી. શ્રીલંકાની ઓપનર સંજના કવિંડી 31 રન સાથે સૌથી વધુ સ્કોરર રહી હતી. શ્રીલંકાએ 10મી ઓવરમાં બે વિકેટે 71 રન બનાવ્યા હતા.

**અનુસંધાન**... પાના પહેલાનું

### દિલ્હીમાં એઆઇ...

10 જેટલા કાર્યકર્તાઓની અટકાયત કરી તેમને તિલક માર્ગ પોલીસ સ્ટેશન ખસેડ્યા હતા.

ભારતીય જનતા પાર્ટીએ આ ઘટનાની આકરી ટીકા કરતા આરોપ લગાવ્યો હતો કે રાહુલ ગાંધીના ઈશારે ભારતની વૈશ્વિક છબી ખરડવા માટે આ પ્રકારનો હંગામો કરવામાં આવ્યો છે. ભાજપના નેતા સંબિત પાત્રાએ કોંગ્રેસ પર કટાક્ષ કરતા તેને 'ટોપલેસ, બ્રેઈનલેસ અને શેમલેસ' ગણાવી હતી, જ્યારે કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આ કૃત્યને 'દેશદ્રોહ' સમાન ગણાવ્યું હતું.

બીજી તરફ, યુથ કોંગ્રેસે સોશિયલ મીડિયા પર આ વિરોધનો વીડિયો શેર કરતા તર્ક આપ્યો હતો કે જ્યારે મીડિયા અને સોશિયલ મીડિયા પર અવાજ દબાવવામાં આવતો હોય, ત્યારે તેમની પાસે વિરોધ નોંધાવવા માટે આ સિવાય બીજો કોઈ રસ્તો બચ્યો નથી. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે તેઓ એઆઈ સમિટની વિરુદ્ધ નથી, પરંતુ દેશના ખેડૂતો અને યુવાનોના હિતોના ભોગે કરવામાં આવતી વેપાર સમજૂતીઓની વિરુદ્ધ છે.

આ વિરોધ પ્રદર્શન દરમિયાન એક આશ્ચર્યજનક ઘટના એ બની કે ત્યાં હાજર એક મહેમાને વિરોધ કરી રહેલા કાર્યકર્તાઓને જાહેરમાં રોક્યા અને એક કાર્યકર્તાને તો માર પણ માર્યો હતો.

ઉલ્લેખનીય છે કે 16 થી 20 ફેબ્રુઆરી દરમિયાન આયોજિત આ મેગા સમિટમાં વિશ્વભરના નેતાઓ અને ટેક દિગ્ગજો ભાગ લઈ રહ્યા છે.

### પહેલી એપ્રિલથી...

રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર મુસાફરી કરતા લોકો માટે 'ઈઝ ઓફ કમ્યુટિંગ' એટલે કે મુસાફરીની સરળતામાં વધારો કરશે.

### માર્ચમાં હસ્તાક્ષર અને...

આ મહિનાની શરૂઆતમાં બંને દેશો દ્વારા અલગથી જારી કરવામાં આવેલા સંયુક્ત નિવેદનમાં આ સોદાની રૂપરેખા તૈયાર કરવામાં આવી છે. હવે તેને કાયદેસરના કરારમાં પરિવર્તિત કરવાની જરૂર છે, જેના માટે બંને પક્ષો આવતા અઠવાડિયે મળશે. ભારતીય ટીમનું નેતૃત્વ મુખ્ય વાટાઘાટકાર દર્પણ જૈન કરશે, જેઓ વાણિજ્ય મંત્રાલયમાં સંયુક્ત સચિવ છે. આ સમજૂતી હેઠળ, બંને પક્ષો એકબીજા વચ્ચે વેપાર થતા અનેક માલસામાન પર ટેરિફમાં છૂટછાટ આપશે.

### અમેરિકાની આગેવાની...

સર્જિયો ગોર ઉપસ્થિત રહ્યા હતા. ગઠબંધનમાં જોડાવાનો આ નિર્ણય બંને પક્ષો દ્વારા પ્રસ્તાવિત વેપાર કરારને અંતિમ ઓપ આપવા અને લાંબા સમયના ગંભીર તણાવ બાદ દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા માટે લેવામાં આવેલા અન્ય પ્રયાસો વચ્ચે લેવામાં આવ્યો છે. સર્જિયો ગોરે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, વેપાર કરારથી લઈને પેક્સ સિલિકા અને સંરક્ષણ સહયોગ સુધી, આપણા બંને દેશો માટે સાથે મળીને કામ કરવાની ક્ષમતા ખરેખર અમર્યાદિત છે. અમેરિકી રાજદૂતે ઉમેર્યું હતું કે ભારતનું પેક્સ સિલિકામાં પ્રવેશવું એ માત્ર એક પ્રતીકાત્મક પગલું નથી પરંતુ એક વ્યૂહાત્મક કદમ છે જે દ્વિપક્ષીય સંબંધોના એકંદર માર્ગને વધુ મજબૂત બનાવશે. યુએસ અંડર સેક્રેટરી હેલબર્ગે ભારતના આ નિર્ણયને આવકાર્યો હતો અને પેક્સ સિલિકાને સપ્લાય ચેઈનમાં થતી બળજબરી અને બ્લેકમેલ વિરુદ્ધની એક પહેલ ગણાવી હતી, જે દેખીતી રીતે ચીન તરફનો ઈશારો હતો. જો કે હેલબર્ગે કોઈ દેશનું નામ લીધું ન હતું, પરંતુ તે લગભગ સ્પષ્ટ હતું કે તેમની ટિપ્પણીઓ દુર્લભ ખનિજો અને સંબંધિત ઉત્પાદનો પર ચીનના નિકાસ નિયંત્રણો તરફ નિર્દેશિત હતી. ચીન આ દુર્લભ ખનિજોના પ્રવાહને નિયંત્રિત કરી રહ્યું છે, જેનો ઉપયોગ ઈલેક્ટ્રોનિક્સ, સ્વચ્છ ઉર્જા, એરોસ્પેસ, ઓટોમોટિવ અને સંરક્ષણ ક્ષેત્રો સહિતની વિશાળ શ્રેણીમાં થાય છે.

નિર્ણાયક ખનિજો અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માટે સુરક્ષિત, સ્થિતિસ્થાપક અને નવીનતા-સંચાલિત સપ્લાય ચેઈન બનાવવા માટે ડિસેમ્બરમાં આ પહેલ શરૂ કરવામાં આવી હતી. ૧૨ ડિસેમ્બરે વોશિંગ્ટનમાં 'પેક્સ સિલિકા સમિટ' યોજાઈ હતી જ્યાં ભાગીદાર દેશોએ પેક્સ સિલિકા જાહેરનામા પર હસ્તાક્ષર કર્યા હતા.

## આજનું પંચાંગ

**તા. 21/02/2026, શનિવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** ફાગણ
**તિથિઃ** સુદઃ ચોથઃ 13:02- વિનાયક ચતુર્થી
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ફાગણઃ 02
**નક્ષત્ર :** રેવતીઃ- 19:08
**યોગ :** શુભ **કરણઃ** બવ
**રાશિઃ** મીન (દ,ચ,ઝ,થ) 19:08 પછી મેષ (અ,લ,ઈ)
**દિવસ :** મિશ્ર
**સુરતમાં સૂર્યોદય :** 07:07 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:38
**નવકારસી :** 07:55
**પારસી વર્ષ :** 1395 મેહેર માસનો 11મોરોજ
**મુસલમાન વર્ષ :** 1447, રમજાન માસનો 03જો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
**રાહુ કાળઃ** સવારેઃ 09:30 થી 11:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** સંતાનોથી અશાંતિ પેદા થાય. ગુપ્ત શત્રુઓ અને ચોર લૂંટારુથી સાવધાન, ધર્મ કર્મથી શાંતિ મળે.

**વૃષભ (બ,વ,ઉ,):** મિત્રો સ્વજનો સાથે સામાજિક કામ થાય. સંતાનોની ચિંતા સતાવે. વિદ્યાર્થીઓને તક મળે.

**મિથુન (ક,છ,ઘ,):** ધંધામાં નવી તકથી સોદા પાર પડે. પિતા સાથે ઘર્ષણ થાય. આવક વધશે.

**કર્ક (ડ,હ,):** પ્રવાસ પર્યટન, કાયદા, લેખન, ધાર્મિક ચીજવસ્તુના વેપાર વગેરેમાં લાભ થાય.

**સિંહ (મ,ટ,):** આંખની કાળજી રાખવી. હિત શત્રુઓથી સાવધાન રહેવું. આધ્યાત્મિક શાંતિ મળશે.

**કન્યા (પ,ઠ,ણ,):** ભાગીદારીમાં નવી યોજના પાર પડે. ઉંમરલાયકના વિવાહ થાય. આવક વધશે.

**તુલા (ર,ત,):** હરીફોથી બચવું. ખાવા-પીવાના શોખીનોને પેટની સમસ્યા વધશે.

**વૃશ્ચિક (ન,ય,):** વિદ્યાર્થીઓને મદદનો અનુભવ થાય. પ્રેમમાં સાથ મળે. નવા મિત્રોથી સાવધાન.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** બહારના કામનો બોજ વધશે. ઘરમાં અશાંતિ રહે. નવા ઘરની યોજનામાં મદદ મળે.

**મકર (ખ,જ,):** પ્રવાસ, દલાલી, ટ્યુશન ભાડા અને માર્કેટીંગના કામમાં પ્રગતિ થાય. વાણી પર કાબૂ રાખવો.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ખાણી-પીણી વારસાગત અને શિક્ષણ-ટ્યુશનને લગતા કામમાં આવક વધશે.

**મીન (દ,ચ,ઝ,થ,):** ક્રિએટીવ અને કાલ્પનિક વિચારોથી નવી તક મળે. શુભ સમાચાર મળે.

## કોઈ પણ સાલમાં 21 ફેબ્રુઆરીએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ પ્રગતિજનક રહેશે. નોકરી-ધંધા-વેપાર-વ્યવસાયમાં ટેકનોલોજીનો લાભ મળે. આર્થિક પ્રગતિ અને ઉઘરાણી આવવાથી નવાં રોકાણ થાય. સમાજમાં માન મળે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. આરોગ્ય સામાન્ય રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. વારસા, જાયદાદ, જમીન જેવાં કામ પાર પડશે. મિત્રો વડીલોની મદદ સામાજિક, કાયદાકીય અને આવક વધારવાની યોજનામાં મળે. સંતાનોના અભ્યાસ-કેરિયરમાં પ્રગતિ થાય. ઉંમરલાયકના વિવાહ થાય. વિદેશના કામમાં ગતિ આવે. યાત્રા-પ્રવાસ- ધર્મ-કર્મથી શાંતિ મળે. ફેબ્રુઆરી-માર્ચ તથા નવેમ્બર-ડિસેમ્બર અને ગુરુવાર શુક્રવાર તા. 3,12,21 અને 30 નવા કામ માટે શુભ રહેશે. સોનેરી રંગનો ઉપયોગ કરતાં રહેવું. જૂન-જુલાઈ, રવિ-બુધવાર, 2,11,20,29 તારીખ નવા કામ માટે ટાળવી. લાલ ભૂરો રંગ ઓછો વાપરવો.

## સુડોકુ ૬૪૫૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૮ | | ૪ | ૫ | ૭ | ૯ | | ૨ |
| ૭ | | ૪ | ૧ | | | ૮ | | ૫ |
| ૫ | | ૨ | ૬ | ૮ | ૯ | ૩ | | |
| | ૬ | | | ૪ | | ૭ | ૯ | ૮ |
| | ૭ | | ૩ | | ૬ | ૫ | ૨ | |
| ૨ | ૪ | ૫ | ૯ | ૭ | | ૧ | ૩ | ૬ |
| ૯ | | ૮ | | | ૪ | ૬ | | |
| | ૨ | | | | | | ૮ | ૩ |
| ૪ | | ૭ | ૮ | | | | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### ભગંદર- fistula

અતિ દારુણ અને કષ્ટ સાધ્ય રોગ છે. કબજિયાત ના થવા દો. પાણી પૂરતું પીવો. કાથો, કપૂર, સોપારી બાળી કરેલી મસી દરેક 10g, દારૂડિ ના બીજ 80g વાટી બારીક ચૂર્ણ કરવું. એને ચાર ગણા શતધોત ઘૃત સાથે ભેળવી મલમ બનાવી રાખો. ભગંદર, કંઠમાળ, ચાંદું, ઘારું, ખસ, દાદર, ગૂમડું, પર રોજ ત્રણ વાર લગાડો.